GJJN220001772026

| | |
|---|---|
| દાખલ તારીખ : | તા.૦૬/૦૬/૨૦૨૬. |
| નોંધ તારીખ : | તા.૦૬/૦૬/૨૦૨૬. |
| ફેંસલ તારીખ : | તા.૦૯/૦૬/૨૦૨૬. |
| અવધિ : | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૦ ૦૩ |

**વંથલીના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.વંથલી.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૮૧/૨૦૨૬**

**આંક**

**વિરેન્દ્રભાઈ જમનાદાસ વિરોજા,** **અરજદાર**
ઉ.વ.આ.. ૪૩, ધંધો–ખેતી, ધર્મે–હિન્દુ,
રહે. નાનડીયા, તા.માણાવદર, જી.જુનાગઢ.

**વિરુધ્ધ**

સ્ટેટ ઓફ ગુજરાત **સામાવાળા**

**બાબત :** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મળવા બાબત.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

એડવોકેટસ : અરજદાર તરફે વિ.વકીલશ્રી ડી.એન. અપારનાથી
સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ. દેવાણી

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**હ રા વ**

(૧) આ કામના અરજદાર/આરોપીએ હાલની આ અરજી માણાવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૭૨૬૦૧૪૪/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૩૦૮(૪), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનીયમની કલમ–૪૦, ૪૨(એ), ૪૨(ડી) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીને તા.૫/૦૬/૨૦૨૬ ના રોજ અટક કરી નીચેની કોર્ટમાં રજુ કરતા તેઓને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલ હોય જેથી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ આગોતરા જામીન મળવા માટે ફો.પ.અ.નં. ૭૫/૨૦૨૬ થી દાખલ કરેલી, જે અરજીની સુનાવણી તા.૫/૬/૨૦૨૬ ના રોજ હોય, અરજદાર સુનાવણી વખતે હાજર રહેતા તેઓને અટક કરવામાં આવેલ છે. ફરીયાદ હકીકત જોતા તેઓએ મરણજનાર સામે ચેક રીટર્નનો કેસ કરેલ હતો, મરણજનાર પાસે ૨૦% વ્યાજ આપી જજે આવું રેકોર્ડીંગ ફરીયાદીને મળી આવેલ, ખરેખર હાલના અરજદાર/આરોપીએ મરણજનારને તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ આત્મહત્યા કરી તે દિવસે પણ તેઓએ મરણજનારના કહેવાથી તેના ખાતામાં સવારે નવ વાગ્યે રૂા.૩૧,૦૦૦/– પુરાંની મદદ કરેલ હતી, આ સીવાય પણ આજ દિન સુધી અરજદાર/આરોપીને મરણજનારને પુરીપુરી મદદ કરેલ હોય, તે તા.૨૫/૦૫/૨૦૨૬ અને તે પહેલાના મરણજનારને આર્થીક મદદ કરેલ તે બાબત ધ્યાને લેતા તેઓએ ગુગલ–પે સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તે જોતા તેઓએ મરણજનારને આર્થીક મદદ કરેલ હોય તે સંજોગોમાં આત્મહત્યા કરવા કોઇ પણ રીતે ઉશ્કેરેલ ન હોય જેથી પણ તેઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. તેઓએ મરણજનાર સામે માણાવદર કોર્ટમાં ફોજદારી કેસ નં. ૧૦/૨૦૨૬ થી ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે કાયદેસરના લેણા પેટે ફરીયાદ દાખલ કરેલ હોય અને ન્યાયીક દ્રષ્ટિએ કોઇપણ વ્યકિત પર ચેક રીટર્નની ફરીયાદ દાખલ થાય અને કોઈ વ્યકિત આત્મહત્યા કરે તો બી.એન.એસ.ની કલમ–૧૦૮ કે કલમ–૩૦૮(૪) મુજબનો ગુનો બની શકે નહી, જેથી પણ તેઓને રેગ્યુલર જામીન પર મુકત કરવા વ્યાજબી અને ન્યાયીક ગણાશે.

વધુમાં જણાવેલ છે કે, તેઓને ખેતીની જમીન નાગડીયા મુકામે ૩૩ વીઘા જમીન હોય આ જમીનનું ભાગ્યુ એટલે કે જમીન વાવવા મરણજનારને આપેલ હતી તે પણ મરણજનારને મદદ કરવા સારી ભાવના સાથે મદદ કરેલ હતી, તેઓએ કોઇ ધમકી આપેલ હોય કે મરવા મજબુર કરેલ હોય તેવી કોઇ હકીકત એફ.આઇ.આર. જોતા જણાય આવતી નથી. તેઓ માણાવદર તાલુકાના નાનડીયા મુકામે વૃધ્ધ ઉંમરના માતૃશ્રી સાથે અને દીકરા સાથે રહે છે, સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી. નામ.અદાલત ફરમાવે તેવા જામીન આપવા અને ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તૈયાર હોય, રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૨) અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી હાજર થયેલ છે અને માણાવદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડી.કે. ઝાલા હાજર થયેલ છે અને આંક–૫ થી જામીન અરજીના વિરોધમાં સોગંદનામુ રજુ કરેલ છે જે ધ્યાને લીધું.

(૩) અરજદાર તરફે તરફે તેમના વિ.વકીલશ્રીને સાંભળ્યાં તથા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીને સાંભળ્યાં તથા સાધનીક કાગળો વંચાણે લીધાં.

(૪) આ કામે અરજદાર/આરોપીના વકીલશ્રીએ અરજી મુજબની દલીલ કરી, જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે. જયારે સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીએ માણાવદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.શ્રીએ રજુ કરેલ સોગંદનામાની હકીકત ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. માણાવદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.શ્રીએ રજુ કરેલ સોગંદનામાની હકીકત ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર આર્થીક લાભ મેળવવા પોતાની પાસે નાણા ધીરધારનું લાયસન્સ ન હોવા છતા મરણજનારને વ્યાજે રૂપિયા આપેલ હોય જેનું વ્યાજ મરણજનારે ભરી દીધેલ હોવા છતા વધુ નાણાની માંગણી કરી, ફોન ઉપર વોટસએપ મેસેજ કરી, ધમકીઓ આપી મરણજનારને વ્યાજના

સકંજામાં લઈ મરવા મજબુર કરી સહ આરોપીઓને ગુનામાં મદદગારી કરેલ છે. વધુમાં આ કામના અરજદાર/આરોપીએ મરણજનાર પાસેથી પ્રોમીસરી નોટ તેમજ ચેક લખાણ લખાવેલ હોવાનું આરોપીએ પોતે કબુલ કરેલ છે જે પ્રોમીસરી નોટ રજુ કરેલ છે, મરણજનારને આજ દિન સુધીમાં ટુકડે ટુકડે લાખો રૂપિયા વ્યાજે આપેલ હોવાનું પોતે કબુલ કરેલ છે, જેથી જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો હજુ આવી ગેરકાયદેસર પ્રવૃતી ચાલુ રાખી, મરણજનારના પિતા ફરીયાદીને ધાક ધમકી આપી વ્યાજના નાણાની ઉઘરાણી કરે તેવી પુરી શકયતા છે. આ અગાઉ અરજદાર/આરોપીએ ફો.પ.અ.નં. ૭૫/૨૦૨૬ થી તથા સહ–આરોપી પ્રવીણભાઈ નાથાભાઈ પરમારે ફો.પ.અ.નં. ૭૪/૨૦૨૬ થી આગોતરા જામીન અરજી રજુ કરેલ છે જે નામંજુર કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારના સોગંદનામામાં જણાવ્યા મુજબ સદર ગુનાની તપાસ ચાલુ હોય અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે માણાવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૭૨ ૬૦૧૪૪/૨૦૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૩૦૮(૪), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનીયમની કલમ–૪૦, ૪૨(એ), ૪૨(ડી) મુજબનો ગુનો દાખલ થયેલ છે અને સદર ગુનાના કામે અરજદાર/આરોપીએ આગોતરા જામીન મળવા માટે અરજી રજુ કરેલી, જે અરજીની સુનાવણી બાદ આ કામના અરજદાર/આરોપીને અટક કરતા આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવેલી. ત્યાર બાદ અરજદાર/આરોપીએ હાલની આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે. ફરીયાદ હકીકત જોતા ફરીયાદીના દીકરા મરણજનાર ગુંજન ઉર્ફે મેરકાને ખેતીના કામમાં રૂપિયાની જરૂરીયાત હોવાથી આરોપી નં. ૧ કરશનભાઈ રામભાઈ મોરી તથા આરોપી નં. ૨ ગગાભાઈ ઉર્ફે રાજુભાઈ નાથાભાઈ ગરચર પાસેથી વ્યાજે રૂપીયા લીધેલ હતા જે રૂપિયાનું વ્યાજ ભરી આપેલ હોવા છતા વ્યાજનું વ્યાજ ચઢાવી ફરીયાદીને તથા તેમના દીકરા મરણજનાર ગુંજનભાઈને મારી નાખવાની ધમકી આપી, ફરીયાદીની જમીનનું બળજબરીપુર્વક દસ્તાવેજ કરાવી લઈ તેમજ હાલના આરોપી નં.૩

વિરેન્દ્રભાઇ જમનાદાસ વીરોજા પાસેથી ફરીયાદીના દીકરા ગુંજને વ્યાજે રૂપિયા લીધેલ હતા અને આ રૂપિયાનું વ્યાજ ભરી દીધેલ હોવા છતા હાલના આરોપીએ ફરીયાદીના દીકરા ઉપર ચેક રીટર્નનો કેસ કરેલ તેમજ આરોપી નં. ૪ પ્રવિણભાઇ નાથાભાઇ પરમારે ફરીયાદીના દીકરાને છ લાખ રૂપિયા વ્યાજે આપેલ હોય જેનું વ્યાજ ભરી દીધેલ હોવા છતા જેમ ફાવે તેમ ભુંડી ગાળો મોબાઇલ ફોન ઉપર વોટસએપ મેસેજ કરી ઉઘરાણી કરી, આ તમામ લોકો તથા તપાસમાં ખુલવા પામે તે તમામ લોકોએ ફરીયાદીના દીકરા મરણજનાર ગુંજનને આ વ્યાજના સકંજામાં લઇ મરવા માટે મજબુર કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. તપાસ કરનાર અમલદારના સોગંદનામામાં મુજબ સદર  ગુનાની તપાસ ચાલુ હોવાનું જણાવેલ છે ત્યારે હાલના તબકકે આરોપીની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબની ન્યાયીક વિવેકબુધ્ધિની સત્તા વાપરવાનું યોગ્ય અને ન્યાયી જણાય આવતુ ન હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આ કામના અરજદાર/આરોપી **વિરેન્દ્રભાઇ જમનાદાસ વિરોજા,** રહે. નાનડીયા, તા.માણાવદર, જી.જુનાગઢ નાઓની બી.એન. એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી આથી **નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૯મી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૦૯/૦૬/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**